# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 09/09/2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY: WEDNESDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) **કેન્દ્રીય મંત્રીમંડળે 20 હજાર 700 કરોડ રૂપિયાના ખર્ચે રેલવેના આઠ મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી આપી.**
2) **ભારત અને શ્રીલંકા વચ્ચે NCC અને નેશનલ ડિફેન્સ કોલેજો વચ્ચે સહયોગ અંગે સમજૂતી કરાર થયા.**
3) **બ્રિક્સ નાણામંત્રીઓ અને મધ્યસ્થ બેંક ગવર્નરોની અંતિમ બેઠકનું મુંબઈમાં આયોજન.**
4) **પર્સિયન અખાતમાં બે અમેરિકન જહાજો અને આઠ ઓઇલ ટેન્કરો પર હુમલો કર્યાનો ઈરાનનો દાવો.**
5) **વિશ્વ તીરંદાજી પેરા સિરીઝમાં આજે 6 ચંદ્રક જીતી ભારતે પોતાનું અભિયાન પૂર્ણ કર્યું.**

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET- RAILWAY - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 20 હજાર 700 કરોડ રૂપિયાના ખર્ચે રેલવેના આઠ મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયોની વિગતો આપતા જણાવ્યું કે મંત્રીમંડળે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના 17 જિલ્લાઓને આવરી લેતા પાંચ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપી છે. તેમણે કહ્યું સરકારે 10 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ત્રણ મલ્ટીટ્રેકિંગ રેલવે પરિયોજનાઓને પણ મંજૂરી આપી છે.

જે પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના 14 જિલ્લાઓને આવરી લેશે. તેમણે જણાવ્યું હતું કે મંત્રીમંડળે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના 17 જિલ્લાઓને આવરી લેતા પાંચ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું સરકારે તમામ સાત હાઇ-ડેન્સિટી રેલ્વે કોરિડોરને ચાર-લેન અને ચાર-લેન બનાવવાનો નિર્ણય લીધો છે.

# CABINET- RAILWAY - 2

## (BYTE: ASHWINI-VAISHNAV)

*(रेलवे के मॉडर्नाइजेशन का जो काम पिछले 12 वर्षों में चल रहा है उसमें माननीय प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी के कंप्लीट ओवरहॉलिंग जो रेलवे की हो रही है, कंप्लीट मॉडर्नाइजेशन हो रहा है उसके प्रोजेक्ट्स हैं। रेलवे के सात हाई डेंसिटी कॉरिडोर्स प्लस मेनी अदर कॉरिडोर्स जो कि बहुत ज्यादा भविष्य में ट्रैफिक लेने वाले हैं उन सब कॉरिडोर्स को फोर-लाइनिंग, कॉर्डुपलिंग कर रहे हैं। दिल्ली से मुंबई, मुंबई से चेन्नई, चेन्नई से कोलकाता, कोलकाता से वापस मुंबई ये हो गया गोल्डन क्काड्रिलैटरल।)*

## તેમણે જણાવ્યું મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન સેવા આવતા વર્ષે શરૂ થશે.

## (BYTE: ASHWINI--BULLET-TRAIN-ED)

*(बुलेट ट्रेन का इनॉग्रेशन 2027 में फिक्स है। कंस्ट्रक्शन का काम चल रहा है, बहुत ही अच्छी स्पीड से चल रहा है। पहले सूरत से बिलीमोरा का 50 कि.मी. का सेक्शन का प्लान था, अब उस प्लान को और बढ़ा के 100 कि.मी. है, सूरत से वापी। वापी से सूरत का 100 कि.मी. का सेक्शन पहला सेक्शन ओपन करेंगे 2027 में। कंस्ट्रक्शन करीब-करीब दिसंबर तक कंप्लीट हो जाएगा। और जो ट्रेन बन रही है, वो ट्रेन का काम बहुत तेजी से चल रहा है। जो फर्स्ट कोच टेस्टिंग के लिए बन रहा है, वो टेस्टिंग का कोच लास्ट वीक बनके रेडी हुआ है। अगले साल मई-जून तक ट्रेन पटरी पे आ जाएगी टेस्टिंग के लिए।)*

# PM CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આજના મંત્રીમંડળના નિર્ણયથી મુસાફરોની ઝડપી અવરજવર, મજબૂત કનેક્ટિવિટી અને વધારાની માલસામાનની ક્ષમતા સુનિશ્ચિત થાય છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે 10 હજાર કરોડ રૂપિયાથી વધુના પાંચ રેલ્વે પ્રોજેક્ટ્સ દક્ષિણ ભારતમાં વધુ સારી રેલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપશે અને લાખો લોકોને લાભ પણ આપશે.

# RAJNATH-SRI LANKA PREZ

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કોલંબોમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે મુલાકાત કરી અને ભારત અને શ્રીલંકા વચ્ચે બહુપક્ષીય ભાગીદારીના સમગ્ર પાસાઓ પર ચર્ચા કરી. બેઠક દરમિયાન, બંને પક્ષોએ પુનઃપુષ્ટિ કરી કે ભારત અને શ્રીલંકા આ ક્ષેત્રની સલામતી, સુરક્ષા, શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સંયુક્ત રીતે કામ કરતા રહેશે. બંને પક્ષોએ એ પણ પુનઃપુષ્ટિ કરી કે સભ્યતાના જોડિયા, નજીકના પડોશીઓ અને દરિયાઈ ભાગીદારો તરીકે, તેઓ તેમના વિકાસ અને લોકોના કલ્યાણ માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

બંને પક્ષોએ શ્રીલંકાની વાયુસેના માટે L70 ગનના અપગ્રેડેશન અને બંને દેશોના નેશનલ કેડેટ કોર્પ્સ અને નેશનલ ડિફેન્સ કોલેજો વચ્ચે સહયોગ અંગે સમજૂતી કરાર-MoUનું પણ આદાનપ્રદાન કર્યું. આ હવાઈ સંરક્ષણ બંદૂકોના અપગ્રેડેશનથી શ્રીલંકામાં મહત્વપૂર્ણ સંપત્તિઓના હવાઈ સંરક્ષણ સ્થાપત્યને મજબૂત બનાવાશે. બંને નેતાઓએ ભારતીય સંરક્ષણ દળો દ્વારા બાંધવામાં આવેલા ત્રણ બેલી બ્રિજનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું.

# MUMBAI : BRICS FINANCE MINISTERS

બ્રિક્સ નેતાઓના શિખર સંમેલન પહેલા, બ્રિક્સ નાણામંત્રીઓ અને મધ્યસ્થ બેંક ગવર્નરોની અંતિમ બેઠક મુંબઈમાં યોજાઈ રહી છે. આ વર્ષના બ્રિક્સ ફાઇનાન્સ ટ્રેકનું સંચાલન "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" થીમ દ્વારા કરાયું છે.

મુંબઈમાં નિર્ધારિત અંતિમ બેઠક પહેલાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે બ્રિક્સ ફાઇનાન્સ ટ્રેકના મુખ્ય પરિણામોની સમીક્ષા કરી હતી.

# POSHAN MAH VARANASI

વારાણસીના આંતરરાષ્ટ્રીય રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર ખાતે આજે ૭મા રાષ્ટ્રીય પોષણ મહિનાનો પ્રારંભ કરવામાં આવ્યો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે ૭મો રાષ્ટ્રીય પોષણ મહિનો, તે એક સુપોષિત અને સશક્ત ભારત પ્રત્યે પ્રતિબદ્ધતા છે. આ અભિયાન દરેક માતાના સ્વાસ્થ્ય, દરેક બાળકના પોષણ અને દરેક પરિવારની સમૃદ્ધિ સાથે જોડાયેલું છે. તેમણે કહ્યું કે શુદ્ધ અને સંતુલિત પોષણ એ સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્ર માટે એક મજબૂત પાયો છે.

# BIHAR FLOODS

ગંગા, ગંડક, કોસી, સોન, પુનપુન અને અન્ય નદીઓમાં પાણીનું સ્તર ઘટવાને કારણે બિહારમાં પૂરની સ્થિતિમાં થોડો સુધારો થયો છે. જોકે, ઘણી નદીઓ હજુ પણ ઊંચા સ્તરે વહી રહી છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી ચાલુ છે. સાંભળીએ એક અહેવાલ..

## (V/C-NIDHI SHARMA)

*( गंगा नदी का जलस्तर पटना के गांधी घाट में खतरे के निशान से 171 सेंटीमीटर दीघा घाट में 109 सेंटीमीटर और हाथीदह में 165 सेंटीमीटर ऊपर दर्ज किया गया। उधर मुंगेर, भागलपुर और कहलगांव में गंगा नदी के जलस्तर में बढ़ोतरी की प्रवृत्ति बनी हुई है। तटबंधों पर दबाव की स्थिति को देखते हुए जल संसाधन विभाग और विभिन्न जिला प्रशासन की टीम लगातार निगरानी कर रही है। पटना, सारण, वैशाली, बेगूसराय, खगड़िया, समस्तीपुर, जहानाबाद और अरवल के बाढ़ प्रभावित क्षेत्रों में बड़े पैमाने पर राहत कार्य चलाए जा रहे हैं। 456 सामुदायिक किचन का संचालन किया जा रहा है। आकाशवाणी समाचार के लिए पटना से निधि श्री।)*

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# NEPAL-DEATH

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને એક હજાર 365 થયો છે. હજુ પાંચ હજાર 326 લોકોની શોધખોળ ચાલી રહી છે, જેમાં ઓછામાં ઓછા 589 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. નેપાળ સરકારના જણાવ્યા અનુસાર બચાવ ટીમોએ ચિતવાન જિલ્લામાંથી 363, નવલપરાસી પૂર્વમાંથી 226, નવલપરાસી પશ્ચિમમાંથી 222 અને નુવાકોટમાંથી 197 મૃતદેહ બહાર કાઢ્યા છે. તેવી જ રીતે, રાસુવા જિલ્લામાંથી 174, ગોરખામાંથી 75, ધાડિંગમાંથી 70 અને તનાહુમાંથી 38 મૃતદેહ મળી આવ્યા છે. ઓળખ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી અત્યાર સુધીમાં 102 મૃતદેહો પરિવારના સભ્યોને સોંપવામાં આવ્યા છે.

# IRAN-IRGC

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ IRGC એ દાવો કર્યો છે કે તેમણે પાંચ ઈરાની ટેન્કર પર અમેરિકાના હુમલાના બદલામાં પર્સિયન અખાતમાં બે અમેરિકન જહાજો અને આઠ ઓઇલ ટેન્કરો પર હુમલો કર્યો હતો.

એક નિવેદનમાં, IRGC એ જણાવ્યું હતું કે ગઈકાલે પર્સિયન અખાતમાં પાંચ ઈરાની ઓઇલ ટેન્કરો પર હુમલો કરવાના અમેરિકન સેનાના આક્રમણ અને દુર્ભાવનાપૂર્ણ કૃત્યના બદલામાં તેના નૌકાદળે જહાજો પર હુમલો કર્યો અને ભારે નુકસાન પહોંચાડ્યું. નૌકાદળોએ 10 જહાજોને પણ નિશાન બનાવ્યા હતા જે અમેરિકન સેનાના સમર્થન અને ઉશ્કેરણીથી હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રતિબંધિત અને અસુરક્ષિત ઝોન પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

# ED- KARNATAKA

પ્રવર્તન નિદેશાલય-ED એ કર્ણાટકમાં 18 સ્થળોએ દરોડા પાડ્યા છે જેમાં રાજ્યના પીડબ્લ્યુડી મંત્રી સતીશ જરકીહોલી અને તેમની પુત્રી અને લોકસભા સાંસદ પ્રિયંકા જરકીહોલીના નિવાસસ્થાનનો સમાવેશ થાય છે.

ED એ મંત્રીના સાળા વાય મંજુનાથના નિવાસસ્થાન પર પણ દરોડાપાડ્યા છે. એજન્સીના જણાવ્યા અનુસાર, આ કેસ મંજુનાથ સામેના કથિત એક્સાઇઝ કેસ સાથે સંબંધિત નથીપરંતુ શ્રી સતીશ જરકીહોલી સામેના એક અલગ કથિત નાણાકીય ઉચાપત કેસ સાથે સંબંધિત છે.

# EVE WORLD PARA ARCHERY

વર્તમાન પેરાલિમ્પિક્સ ચેમ્પિયન હરવિંદર સિંહ અને વિશ્વ નંબર 1 શીતલ દેવીએ ભારતની આગેવાની હેઠળ અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ સ્ટેજ 3 અભિયાનનો શાનદાર અંત કર્યો, તેઓએ આજે અંતિમ દિવસે બે સુવર્ણ અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા. શીતલ દેવીએ નાટકીય શૂટ-ઓફમાં પોતાની હિંમત જાળવી રાખીને પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદરે ભાવના સાથે મળીને પેરા રિકર્વ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

રિકર્વ મિક્સ્ડ ટીમ ફાઇનલમાં, ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદર અને ભાવનાએ ચીનની લિયાંગ કિયુરોંગ અને ઝિયા લેઈને સીધા સેટમાં 6-0થી હરાવી. ત્યારબાદ ભાવનાએ ઓલ-ઇન્ડિયન પેરા રિકર્વ મહિલા કાંસ્ય ચંદ્રક પ્લે-ઓફમાં વધુ એક કાંસ્ય ચંદ્રક ઉમેર્યો.